# -: રાજયોગ - બિન્દુ સિદ્ધ યોગ :-

બ્ર.કુ. પ્રોફ. પ્રફુલચંદ્ર શાહ (નડીઆદ)

શિવબાબાના બાળકો માટે અમૃતવેળાનો સમય એટલે મનન-ચિંતન-મંથનનો સમય, એક લગનથી બાબાની યાદમાં મગન થવાનો સમય, આવા એક અમૃતવેળાના સમયે યોગેશ્વર બાબાએ શિખવેલા રાજયોગની વિશાળતા, વૈવિધતા, સમ્પન્નતા વિશે તેમજ રાજયોગ કઇ રીતે સર્વોચ્ચ, સર્વાંગી, સંપૂર્ણ યોગ છે તે વિશે મનમાં ચિંતન ચાલતુ હતું. વાસ્તવમાં યોગવિદ્યા એ ભારતીય સંસ્કૃતિ તેમજ દર્શનનું એક અભિન્ન અંગ છે. વેદ, ઉપનિષદ્ , ગીતા જેવા ધર્મશાસ્ત્રોમાં જ્ઞાનયોગ, ભકિતયોગ, કર્મયોગ, સન્યાસ યોગ, હઠયોગ જેવા અનેક પ્રકારના યોગ વર્ણવ્યા છે. આવા વિવિધ પ્રકારના યોગના અર્થ વિષે વિચારીશું તો ખ્યાલ આવશે કે, વર્તમાન સમયે સ્વયં ઈશ્વર જે રાજયોગ શિખવી રહયા છે તેના જ આ બધા વિવિધ અંગો છે.

**જ્ઞાનયોગ :** અર્થાત જ્ઞાન પર આધારિત યોગ, બાબાએ શિખવેલા રાજયોગનો મૂળભૂત પાયો જ ઈશ્વરીય જ્ઞાન છે. તો રાજયોગ એ જ્ઞાનયોગ થયો ને ? **કર્મયોગ** કર્મ કરતા કરતા કરવાનો યોગ અર્થાત્ યોગયુક્ત બની બધા કર્મો કરવાના. રાજયોગનો બીજો અર્થ એ છે જ કે ગૃહસ્થમાં રહી પોતાની પ્રવૃત્તિ તેમજ જવાબદારીઓને સંભાળીને કરવાનો યોગ, રાજયોગનું મુખ્ય લક્ષ્ય છે એક દૈવી ગૃહસ્થીની સ્થાપના. તેથી રાજયોગ તે કર્મ યોગ પણ કહેવાય ને ? તેવી જ રીતે જો તમે **ભક્તિયોગ, સંન્યાસ યોગ, હઠ (સંયમ નિયમ)યોગના** અર્થ પર વિચાર કરશો તો સ્પષ્ટ સમજાશે કે આ રાજયોગના જ અંગો છે.

આવું ચિંતન ચાલતુ હતું તે સમયે એક વિચાર સ્ફૂર્યો કે રાજયોગને બિંદુ સિધ્ધ યોગ પણ કહી શકાય.

આવો આપણે વિચારીએ કે રાજયોગ નીચેના પાંચ મુદ્દાના સદર્ભ માં કેવી રીતે બિંદુ સિદ્ધયોગ છે. (૧) બિંદુથી આવ્યાં છીએ (૨) બિંદુ પર આવ્યાં છીએ (૩) બિંદુ બનવાનું છે. (૪) બિંદુની યાદમાં સમાઈ જવાનું છે. (૫) ડ્રામાના દરેક દશ્ય અથવા પાર્ટના અંતે બિંદુ લગાવતા જવાનું છે.

## (૧) બિંદુથી આવ્યાં છીએ :-

શિવબાબા પરમધામનો સ્પષ્ટ પરિચય આપતા બાળકોને જણાવે છે કે, પાંચ તત્વની બનેલી સાકારી દુનિયાની પેલે પાર સ્વયં પ્રકાશિત છઠ્ઠા બ્રહ્મતત્વથી આચ્છાદિત નિરાકારી દુનિયા આપણું મૂળ વતન છે. આ મૂળ વતનમાં કશું જ સાકાર નથી તેમજ

કોઈ આકાર નથી, જ્યાં ચારે તરફ અનંત સુધી સોનેરી લાલ પ્રકાશ ફેલાયેલો છે, શિવબાબાના શબ્દોમાં કહીએ તો " જહાં પોલાર હી પોલાર હૈ" તેની વિશાળતા અનંત છે, અહીં આત્માઓ પોતાની સંપૂર્ણ મુક્ત અવસ્થામાં ફક્ત બિંદુરૂપે નિવાસ કરે છે.

પરમધામ નિવાસી આત્માનો પરિચય આપતા શિવબાબા કહે છે કે આત્માનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ છે. જડ તત્વ રહિત ચૈતન્ય બિંદુ છે એટલે પરિમાણ રહીત છે. બાબા વધુમાં જણાવે છે કે વિશ્વની બધીજ આત્માઓ પરમધામમાં એકજ સ્થાને પોતપોતાના ધર્મ પ્રમાણે પોતાના સેક્સનમાં સંગઠીત રૂપમાં નિવાસ કરે છે. હવે જો આપણે વિચારીએ કે વિશ્વની બધી જ પરિમાણ રહિત બિંદુરૂપ આત્માઓ ને એક જ સ્થાન પર નિવાસ કરવા માટે કેટલી જગ્યા જોઈએ, તો સમજી શકાય તેમ છે કે ખૂબ જ ઓછી અને જ્યારે પરમધામની વિશાળતા તેમજ અનંતતાના સંદર્ભમાં વિચારીએ તો બધી જ આત્માઓએ નિવાસ માટે રોકેલી જગ્યા બિંદુથી વિશેષ કાંઈ જ હોઈ શકે નહિં, એટલે કે વાસ્તવમાં આપણે પરમધામના એક બિન્દુ સમાન સ્થાનમાંથી આવ્યાં છે. અર્થાત્ બિંદુથી આવ્યાં છીએ.

## (૨) બિંદુ પર આવ્યાં છીએ :-

પરમધામ થી આપણે સૌ સૂર્ય મંડળના એક ગ્રહ પૃથ્વી પર પાર્ટ ભજવવા માટે આવીએ છીએ. આપણા માટે તે રંગમંચ છે જ્યાં શરીરરૂપી વેશભૂષાને ધારણ કરી આપણે પાર્ટ ભજવીએ છીએ. આપણે જાણીએ છીએ કે, સૂર્યમંડળના શનિ-ગુરૂ જેવા ગ્રહો તેમજ સૂર્યના સંદર્ભમાં પૃથ્વી ખૂબ નાનો ગ્રહ છે. હવે ખગોળ વિદ્યા તેમજ અંતરિક્ષ વિજ્ઞાનનાં સંદર્ભે બાબાએ દર્શાવેલા સાકાર લોકના પરિચયના સંદર્ભમાં આપણે વિચારીએ તો સાકાર લોકનો વિસ્તાર અતિ વિશાળ લાગે છે. સમગ્ર સાકાર લોક અનેકાનેક નિહારિકાઓ આકાશ ગંગાઓ અને તારા મંડળોનો બનેલો છે. તેમાં સૂર્યથી પણ વિશાળ તારાઓ છે તે પૈકી સૂર્ય પણ એક તારો છે. થોડા સમય પહેલાં જ વિજ્ઞાનીઓ દ્વારા એક બ્લેક હોલ શોધી કાઢ્યાનો દાવો કરે છે જે હજારો સૂર્યથી પણ વિશાળ છે અને આવા અનેક બ્લેક હોલ્સ અંતરીક્ષમાં આવેલા છે. ડીકાર તેમજ પોનકેર નામના વિજ્ઞાનીકોએ કરેલા સંશોધનના આધારે સાકાર લોકનો પરિઘ એટલો વિશાળ છે કે પરિઘ જેટલું અંતર કાપવા માટે સૂર્યના પ્રકાશને ૫,૦૦૦ વર્ષ જેટલો સમય લાગે તેમ છે. પ્રતિપાદિત થયેલી સૂર્ય પ્રકાશની ગતિ ૧,૮૦,૦૦૦ માઈલ પ્રતિ સેકન્ડ છે. જેના ઉપરથી સાકાર લોકની વિશાળતાનો ખ્યાલ આવી શકે તેમ છે.

સાકાર લોકની આ વિશાળતાના સંદર્ભે સૂર્ય મંડળના એક નાના ગ્રહ પૃથ્વીનું અંતરિક્ષમાં સ્થાન કેટલું ? સ્પષ્ટ છે કે પૃથ્વીનું સ્થાન બિંદુથી વિશેષ કાંઈ જ નહિં. એટલે આપણે જે સ્થાન પર પાર્ટ ભજવવા આવ્યા છીએ તે પણ બિંદુ સમાન છે.

## (૩) બિન્દુ બનવાનું છે :-

ઈશ્વરીય જ્ઞાનનું સૌથી મહત્વનું પ્રથમ ચરણ એટલે આત્મજ્ઞાન પરમપિતા પરમાત્મા શિવબાબા જીવાત્માનો પરિચય આપતા કહે છે કે, "હે મારા પ્રિય બાળકો, તમે પાંચ તત્વોના બનેલા આ નાશવંત શરીરથી ભિન્ન એક ચૈતન્ય શકિત આત્મા છો. આત્માનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ, સૂક્ષ્માતી સૂક્ષ્મ (Minuter than Minuest) જ્યોતિર્મય બિંદુ છે. આત્મા બિંદુથી અતિરિક્ત કાંઈ જ નથી, જે સ્વયં પ્રકાશિત ચૈતન્ય બિંદુ છે. તે શાશ્વત છે, અનાદિ અવિનાશી છે, અજર અમર છે."

બિન્દુ સ્વરૂપ આત્માને વિજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો તે પાંચ તત્વોથી પર હોવાને કારણે, પરિમાણ રહીત છે. અર્થાત્ તેની ન લંબાઈ, પહોળાઈ છે, ઉંચાઈ જ નથી. ભૌમિતિક દૃષ્ટિએ જોઈએ તો પરિમાણ રહિત આકાર એટલે બિન્દુ (Point). બીજા શબ્દોમાં કહીએ તો વિશેષ એક બિંદુ જેવો જ આકાર છે એટલે આત્માનું સ્વરૂપ બિંદુથી વિશેષ કાંઈ જ ન હોઈ શકે. આત્માનું સમગ્ર અસ્તિત્વ તેમજ વ્યક્તિત્વ બિંદુમાં સમાયેલું છે. સજીવ સૃષ્ટિ રંગમંચ પર પાર્ટ ભજવવા માટે આત્મા પાંચ તત્વનું બનેલું શરીર જરૂર ધારણ કરે છે, પરંતુ ધારણ કરેલું સ્થૂળ શરીર કે સૂક્ષ્મ શરીર તો તેનું વસ્ત્ર માત્ર છે, કાર્ય કરવાનું સાધન છે, નિવાસ માટેનું મકાન છે, વહન કરવા માટેનું વાહન માત્ર છે.

શિવબાબા સૃષ્ટિ પર અવતરિત થઈને પ્રવર્તમાન સમયે બાળકોને આગળ સમજાવતા કહે છે કે છેલ્લાં ૬૩ જન્મોથી તમે દિવ્ય આત્માઓ, શરીર ભાનમાં પાર્ટ ભજવતાં ભજવતાં આવ્યાં છો. આ દેહભાન જ વિકારોની ઉત્પત્તિનું મૂળ કારણ છે. વિકારોના પ્રભાવમાં આવી કરેલા કર્મોથી આત્માની વિસ્મૃતિ થઈ છે. એવા તમે સતોગુણી આત્માઓ રજોગુણી, ત્યારબાદ તમોગુણી અને કલિયુગના અંતે એટલે કે વર્તમાન સમયે પતિત તમોપ્રધાન બન્યાં છો. પરિણામે દુઃખ, અશાંતિ, પીડા, કષ્ટ ભોગવી રહ્યાં છો. પ્રત્યેક આત્મા જન્મોના ધારણ કરી અનેક વિકર્મોના બોજથી લદાયેલી છે. તેમજ અનેક કર્મ બંધનોથી જકડાયેલો છે. કર્મબંધન આત્માઓને વિકર્મોના બોજથી તેમજ વિકારોના બંધનથી મુકત કરવાનો એક માત્ર ઉપાય, આત્માના સ્વરૂપની પુનઃ સ્મૃતિ અપાવી તે દિવ્ય અલૌકિક સ્મૃતિમાં સ્થિત થવામાં રહેલો છે. આત્માનું સ્વરૂપ બિંદુથી વિશેષ કાંઈ જ નથી. દેહભાન ત્યજીને આત્માની સ્વસ્મૃતિમાં સ્થિત થવું એટલે "બિંદુ" બનવામાં રાજયોગના અભ્યાસની સફળતાનો આધાર "બિંદુ" બની જવામાં તેમજ બિંદુ સ્થિતિમાં સ્થિત રહેવામાં સમાયેલો છે.

(૪) બિન્દુની યાદમાં સમાઈ જવાનું છે :-

શિવબાબા પોતાનો સ્વપરિચય આપતા કહે છે કે, " હું આપ સૌ આત્માઓનો પારલૌકિક પરમપિતા પરમ આત્મા છું. આપ સૌ આત્માઓની જેમ હું પણ ચૈતન્ય આત્મા હોવાના કારણે મારું સ્વરૂપ પણ બિંદુથી વિશેષ કાંઈ જ નથી. તમે આત્માઓ જન્મ ધારણ કરનાર કર્તા તેમજ ભોકતા હોવાના કારણે સમયાંતરે પાર્ટ ભજવતા વિસ્મૃતિમાં આવી જાવ છો. જયારે હું પરમ - આત્મા અજન્મા, અભોકતા, તેમજ અકર્તા હોવાના કારણે હું મારી સ્વયં પ્રકાશિત બિંદુ રૂપ, બીજરૂપ, નિરાકારી, વિચિત્ર (ચિત્ર વિહીન) સ્થિતિમાં નિરંતર સ્થિત રહું છું."

આત્માને તમો પ્રધાનમાંથી સતોપ્રધાન, પતિતમાંથી પાવન બનાવવા માટે તેમજ અનેક બંધનોમાંથી મુકત કરવા માટે દેહ સહિત દેહના સર્વ સંબંધોને ભૂલી બિંદુ બની, બિંદુ બાપની યાદમાં સમાઈ જવાનું છે. વાસ્તવમાં રાજયોગ બિંદુનું બિંદુ સાથેનું મિલન છે.

(૫) બિન્દુ લગાવતા જઈએ :-

વિશ્વ નાટકનો પરિચય આપતા બિંદરૂપ બાબા બાળકોને કહે છે કે, " આ એક આદિ (બન્યુ - બનાવેલું) અનાદિ, અવિનાશી, શાશ્વત નાટક છે. જેનું હૂબહુ પુનરાવર્તન એક ચક્રિય ઘટનાનાં રૂપમાં થતુ આવે છે. પુનર્જન્મના સિધ્ધાંત, કર્મના સિધ્ધાંત જેવા અનેક સિદ્ધાંતો પર આધારિત આ વિશ્વ નાટકમાં દરેક આત્માનો પાર્ટ ફિક્સ છે. કલ્પરૂપી ચક્રમાં આત્મા પોતાના પાર્ટને રીપીટ કરે છે. નાટકની બીજી વિશેષતા એ છે કે, દરેક આત્માનો પાર્ટ વિશેષ તેમજ અન્ય આત્માઓના પાર્ટથી ભિન્ન છે. આવા વૈવિધ્ય સંપન્ન બેહદના નાટકના કોઈપણ આત્માના પાર્ટને કે નાટકના કોઈપણ દૃષ્યને જોઈ જ્ઞાની તુ આત્માઓએ ઉપર નીચે થવું જોઈએ નહીં. તદ્ઉપરાંત બાબા કહે છે કે, ત્રિકાલદર્શી - ત્રિનેત્રી બની ડ્રામાના દરેક સીનને સાક્ષીભાવે તમે જુવો. ડ્રામાના પ્લાન પ્રમાણે જે થઈ ગયું તે બરાબર છે. જે થઈ રહ્યું છે તે પણ કલ્યાણકારી છે અને ભવિષ્યમાં જે થવાનું છે તે પણ શુભ-કલ્યાણકારી જ થવાનું છે.

ભજવાઈ ચૂકેલા ડ્રામાના દરેક સીન બાદ આમ કેમ થયું ? કેવી રીતે થયું ? ક્યારે થયું ? જેવા પ્રશ્નોથી મુકત રહી સીનના અંતે બિંદુ બની બિંદુ બાપની યાદમાં બિંદુ લગાવતા જાવ.

તમને પણ લાગે છે ને કે રાજયોગ એ બિંદુ સિદ્ધ કરવાનો "બિંદુ -સિધ્ધ યોગ" યથાર્થ છે ? આપણા શાસ્ત્રોમાં પણ યોગ દ્વારા બિંદુ સિદ્ધ કરવાનો ઉલ્લેખ છે.

: ઓમ શાંતિ :-